સકલ જગત કો આપ રચાવે સબકા પાલનહારા, અંદર બાહિર સબ ઘટ પૂરન, સબસે નિશદિન ન્યારા, પ્રભુ તેરી મહિમા પરમ અપારા

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૩૨૦ |
| અમદાવાદ | ૧૭૧ |
| ગાંધીનગર | ૩૬ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૭૬ | ૫ સપ્ટેમ્બર, ૨૦૨૦, શનિવાર; ભાદરવા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# તાઈવાને ચીનના બે વિમાનો તોડી પાડ્યા

**જોકે, ચીને તાઈવાનના દાવાને ફગાવ્યો : તાઈવાન સાથે ઘર્ષણ ચાલુ છે : ઘૂસણખોરી કરતા ચીનના બે ફાઈટર જેટને તાઇવાને તોડી પાડ્યા : તાઈવાને પોતાની હવાઈ સીમામાં ચીનનું સુખોઈ-૩૫ ફાઈટર જેટ ઘૂસી જતા સખત આક્રમક કાર્યવાહી કરી**



તાઈપેઈ, તા.૪

તાઈવાને પોતાની હવાઈ સીમામાં ઘૂસેલા ચીનના સુખોઈ-૩૫ ફાઈટર જેટને તોડી પાડ્યું હોવાનો દાવો કર્યો છે. ચીને આ ઘટનાનો ઈનકાર કર્યો છે પણ આ અંગેનો એક વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. જોકે, બંને દેશ હજી સુધી આ બાબતે કશું બોલવા માટે તૈયાર નથી, પણ એવો દાવો છે કે, તાઈવાનની હવાઈ સીમામાં ઘુસેલા આ લડાકુ વિમાનને પાછા જવા માટે તાઈવાને ચેતવણી આપી હતી પરંતુ એ પછી પણ વિમાન તાઈવાન એરસ્પેસમાં ઉડતું રહ્યું હતું. જેના પગલે તાઈવાને અમેરિકન બનાવટની પેટ્રિઓટ એર ડિફેન્સ સિસ્ટમનો ઉપયોગ કરીને આ વિમાન તોડી પાડ્યું હતું. આ ઘટનામાં પાયલોટ ઘાયલ થયો છે. અહેવાલ મળી રહ્યા છે તે સાચા હોય તો બંને દેશો વચ્ચે તનાવ વધારે ભડકી શકે છે. કારણકે, ચીન છેલ્લા કેટલાય દિવસોથી પોતાના ફાઈટર જેટ્સને તાઈવાનની હવાઈ સીમામાં મોકલી રહ્યું છે.તાઈવાન પણચીનની હરકતોનો જવાબ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતે રશિયા સાથે એકે-૨૦૩ રાઈફલ્સના કરાર કર્યા

**ભારતનું મહત્વનું કદમ : આ તાજા સોદા હેઠળ આશરે એક લાખ એકે-૨૦૩ રાયફલ્સ તો રશિયા તત્કાળમાં જ ભારતને મોકલી દેશે**

નવી દિલ્હી, તા.૪

ચીન સાથે લદાખ સરહદ પર વધી રહેલા સંઘર્ષ દરમિયાન ભારતે રશિયા સાથે રાયફલો ખરીદવાનો એક મહત્વનો કરાર કર્યો છે. શાંઘાઈ કોપોરેશન ઓર્ગેનાઈજેશન(એસસીઓ) સમિટ દરમિયાન ભારતે મિત્ર દેશ રશિયા સાથે ૨૦૩ એક-૪૭ ૨૦૩ રાયફલ સોદાની પર સહી કરી છે. સમિટમાં પહોંચેલા રક્ષા મંત્રી રાજનાથ સિંહે છ૪-૪૭ રાયફલના અત્યાધુનિક વર્ઝનની સાત લાખથી વધારે રાઈફલ્સ ખરીદીની મોટી ડીલ કરી છે. ખાસ બાબત એ છે કે આ રાઈફલ્સ ભારતમાં નિર્માણ પામશે.

એવું મનાય છે કે, એક-૪૭ રાયફલ્સ હવે ઈન્ડિયન સ્મોલ આર્મ સિસ્ટમ - અસોલ્ટ રાઈફલની જગ્યા લેશે. જે હિમાલયના ઉંચા પર્વતો પર જૈમિંગ અને મેગજીન ક્રેક થવાની સમસ્યાઓ સામે સારો વિકલ્પ સાબિત થશે.



મિત્ર દેશ રશિયાના જણાવ્યા મુજબ વર્તમાન સમયમાં ભારતને સાત લાખથી વધુ છ૪-૪૭ ૨૦૩ રાયફલ્સની જરુર છે. હથિયાર ખરીદીના આ સોદા હેઠળ આશરે એક લાખ એક-૪૭ ૨૦૩ રાયફલસ તો રશિયા તત્કાળમાં જ ભારતને મોકલી દેશે, જ્યારે બાકીના જથ્થાનું ભારતમાં આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ નિર્માણ

● અનુસંધાન પાન-૭ પર

# બિહારની ચૂંટણી સાથે દેશમાં પેટાચૂંટણીઓ યોજાશે

**બિહારમાં ૨૯ નવેમ્બર પહેલા વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે : મોદી ૧૧ સપ્ટેમ્બરે દિલ્હીથી બિહાર સુધીના ૧૮ કરોડના પ્રોજેક્ટની સૌગાત આપીને ચૂંટણી બ્યુગલને ફૂંકશે : કોંગ્રેસ બિહાર ક્રાંતિ વર્ચ્યુઅલ જનરલ કોન્ફરન્સ રેલી દ્વારા લોકોને મદદ કરવાનું કામ કરશે**

ન્યુ દિલ્હી,તા.૪

બિહારની ચૂંટણી સાથે દેશમાં ૬૪ વિધાનસભા અને એક લોકસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. ચૂંટણી પંચે આ જાહેરાત કરી છે. ચૂંટણી પંચે કહ્યું કે, બિહારમાં ૨૯ નવેમ્બર પહેલા વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે.

બિહારની ચૂંટણીઓ સાથે, દેશની ૧ લોકસભા અને ૬૪ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. ચૂંટણી પંચે આ જાહેરાત કરી છે. ચૂંટણી પંચે કહ્યું કે, બિહારમાં ૨૯ નવેમ્બર પહેલા વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે. જોકે હજુ સુધી બિહારની ચૂંટણીની તારીખોની ઘોષણા કરવામાં આવી નથી, પરંતુ માનવામાં આવે છે કે ચૂંટણી પંચ ચૂંટણીનું શિડ્યુલ જલ્દીથી જાહેર કરી શકે છે.

બિહારની ચૂંટણીઓ સાથે, દેશની ૧ લોકસભા અને ૬૪ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. ચૂંટણી પંચે આ જાહેરાત

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં ૨૪ કલાકમાં નવા ૮૩,૩૪૧ કોરોનાના કેસ : ૧૦૯૬ના મોત

**દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૩૯ લાખને પાર, મૃત્યુઆંક ૬૮,૪૦૦થી વધુ : છેલ્લા ૨૪ કલાકમાં દર મિનિટે ૫૭થી વધારે નવા કેસ અને દર કલાકે ૪૫થી વધુના મોત**

ન્યુ દિલ્હી,તા.૪

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ જે ગતીથી ફેલાઈ રહ્યું છે તે જોઈને લાગી રહ્યું છે કે કોરોના વાયરસના સૌથી વધારે કેસના મામલામાં આગામી થોડા જ દિવસોમાં બ્રાઝીલને પાછળ છોડીને ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી વધુ સંક્રમિતો ધરાવતો દેશ બની જશે.

દેશમાં પરિસ્થિતિ એટલી વણસી ગઈ છે કે અત્યારે દર એક મિનિટમાં કોરોનાના ૫૭થી વધારે કેસ નોંધાઈ રહ્યા છે જ્યારે દર એક કલાકે ૪૫થી વધારે લોકો પોતાના અંતિમ શ્વાસ ભરી રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૩૩૪૧ કેસ નોંધાતા સંક્રમિતોનો કુલ આંકડો ૩૯૩૬૭૪૭ સુધી પહોંચી ગયો છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થઈ ગયા છે. આ સાથે જ આ



કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૬૬૫૯ દર્દીઓ આંકડો વધીને ૩૦૩૭૧૫૧ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૯૬ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૮૪૭૨ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શુક્રવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૮૩૧૧૨૪ એક્ટિવ કેસ છે.

ઈન્ડિયાન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ ગઈ કાલ સુધીમાં દેશમાં કુલ ૪,૬૬,૭૯,૧૪૫ નમૂનાનું પરીક્ષણ થયું છે. જેમાંથી ૧૧,૬૯,૭૬૫ સેમ્પલનું ટેસ્ટિંગ હાથ ધરાયું હતું જેમાંથી ૮૩,૩૪૧ કેસ પોઝિટિવ નીકળ્યાં. આ બાજુ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયએ પણ કહ્યું હતુ કે દેશમાં કોવિડ ૧૯ના કેસ શોધવા માટે બુધવારે રેકોર્ડ સંખ્યામાં નમૂનાની તપાસ કરવામાં આવી.

## છેલ્લે... છેલ્લે...

- ભારતના રક્ષામંત્રી રાજનાથસિંહ સાથે મુલાકાત માટે ચીનના રક્ષામંત્રીએ ઈચ્છા વ્યક્ત કરી છે.
- સુષાંતસિંહ રાજપૂત કેસ મામલે એનસીબીની ટીમ રીયા અને સૈમુઅલ મિરાંડાના ઘરે પહોંચી.
- અક્ષરકુમાર પબજીના વિકલ્પે નવી ગેમ FAU-G લોન્ચ કરશે
- સરદાર સરોવર ડેમની પાણીની સપાટી ૧૩૫.૫૨ મીટર પહોંચી.
- મહારાષ્ટ્રમાં એક જ દિવસમાં ૧૯૨૧૮ વિક્રમી કેસ નોંધાયા.
- સચિવાલયમાં ૨૪ અધિક સચિવ નાયબ સચિવની બદલી

# ચીન સરહદે તનાવભરી સ્થિતિ : સેના દરેક પડકાર માટે તૈયાર : આર્મી ચીફ

**ચીન સાથેના તણાવ વચ્ચે નરવાણેએ લદ્દાખમાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરી : ભારતીય સેના દુનિયામાં સૌથી શ્રેષ્ઠ, ન માત્ર સેનાને ગર્વ કરાવશે પરંતુ દેશને પણ ગર્વ થશે, રાજકીય સ્તર પર ચીનની સાથે વાતચીત ચાલુ**

ન્યુ દિલ્હી,તા.૪

આર્મી ચીફ મનોજ મુકુંદ નરવાણેએ કહ્યું કે, ન્છ૩ પર છેલ્લા ત્રણ મહીનાથી હાલાત ખરાબ છે, પરંતુ જવાનોનો મનોબળ વધ્યો છે અને તે કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે. તેમણે કહ્યું કે, ન્છ૩ પર જે હાલાત છે તે નાજુક અને ગંભીર છે, પરંતુ અમે સતત તેના વિશે વિચાર કરી રહ્યા છીએ. સુરક્ષા માટે અમે અમુક પગલાઓ પણ ભર્યા છે. મને આશા છે કે, આપણે જે તૈનાતી કરી છે, તેઓ આપણી સુરક્ષા કાયમ રાખશે.

ભારતીય સેના પ્રમુખ મનોજ મુકુંદ નરવાણેએ આ સમયે લદ્દાખના પ્રવાસે છે અને ત્યાં પર સેનાની તૈયારીઓની સમીક્ષા



કરવા પહોંચ્યા છે. સેના પ્રમુખે કહ્યું કે, ભારતીય સેના અધિકારી અને સૈનિક પુરી દુનિયામાં સૌથી શ્રેષ્ઠ છે અને ન માત્ર સેનાને ગર્વ કરાવશે પરંતુ દેશને પણ ગર્વ થશે. સેના પ્રમુખે કહ્યું કે, છેલ્લા ૨-૩ મહીનાથી તણાવ વધ્યો છે, પરંતુ અમે સૈનિકો અને રાજકીય સ્તર પર સતત ચીનની સાથે વાત કરી રહ્યા છીએ.

સેના પ્રમુખે કહ્યું કે, ચીનની સાથે સૈનિક અને રાજકીય સ્તરની વાતચીત શરૂ છે અને આગળ પણ ચાલતી રહેશે. વધુમાં જણાવીએ તો આર્મી ચીફ નરવાણેએ પૂર્વી લદ્દાખ વિસ્તારમાં સુરક્ષાની સ્થિતિ પર સમીક્ષા કરી હતી. તેમનો આ પ્રવાસ પેંગોંગ નદીના દક્ષિણી

● અનુસંધાન પાન-૭ પર

